# પૂર્વ-પ્રાથમિક (ગુજરાતી માધ્યમ) શાળાકીય પ્રવૃત્તિ (૨૦૨૫-૨૬)

**તા. ૩૦,૩૧/૧/૨૫ : રમતોત્સવ :** નર્સરી શિશુ-૧, ૨ના બાળકોને દોડ, દેડકા કૂદ, દડો ફેક, સંગીત ખુરશી, બૂટ મોજાં, લીબું ચમચી, સતોડિયું, ૫૦ મી. દોડ, બુક બેલેન્સીગ, હર્ડલ્સ દોડ, બોલ-બેલેન્સીગ, ઝીક ઝેક કોન બોલ વોક જેવી જુદી જુદી ૫૦ જેટલી રમતો રમાડવામાં આવી હતી. જેથી બાળકોનો શારીરિક વિકાસ થાય અને ખેલકૂદની ભાવના કેળવાય.






**તા. ૨૨/૨/૨૫ : શૈક્ષણિક પ્રવાસ :** ફૂલદ્વાર રિસોર્ટ પ્રવાસમા નર્સરી શિશુ,૧,૨ના ૧૦૦ જેટલા બાળકો ભાગ લીધો હતો. રિસોર્ટમાં અલગ અલગ એકટિવીટી અને ડાન્સ, જાદુગરનો શો જોવામાં બાળકોને ખૂબ મજા આવી હતી.






**તા. ૧૭/૨/૨૫ : ફેમિલી ટ્રી એકટિવીટી :** વિદ્યાર્થીઓના હાથની છાપ પડાવી એક સુંદર મજાનું ઝાડનું ચિત્ર બનાવવામાં આવ્યું. જેમાં વિદ્યાર્થીઓ તેમના પરિવારના સદસ્યના ફોટા લગાવી સુંદર મજાનું ફેમિલી ટ્રી બનાવ્યું હતું.




**તા. ૧૩/૩/૨૫ : હોળીની એકટિવીટી અને ઉજવણી :** પૂર્વ પ્રાથમિક વિભાગના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને તેમજ શાળાના ડાયરેકટર ડૉ. શ્રી ભગુભાઇ પ્રજાપતિ, આચાર્યશ્રી જિજ્ઞેશભાઇ જોશી તેમજ કલાર્ક વિભાગના તમામ સદસ્યોના હાથની છાપ પડાવી હોળી પર્વનું ખૂબ સરસ ચાર્ટ બનાવામાં આવ્યુ. અને પૂર્વ-પ્રા.ના તમામ વિદ્યાર્થીઓ રંગ ગુલાલ લગાવી ધૂળેટી પર્વની ઉજવણી કરી.




